# દાંતાના ઓડવાસ નજીક નદી સામે રક્ષણાત્મક દિવાલ બનાવવા સ્થાનિકોની ઉગ્ર માગ

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ઓડવાસ વિસ્તારમાં વરસાદના કારણે નદીના વ્હેણથી રોડનું ધોવાણ થઈ ગયું છે. અને લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. તથા ઓડવાસ નજીક નદી સામે રક્ષણાત્મક દિવાલ ઉભી કરવા ઉગ્ર રજુઆત કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર બનાસકાંઠાના આદિવાસી અને અંતરીયાળ એવા દાંતાના ઓકવાસ વિસ્તારમાં ઠેર ઠેર ખાડા પડવાના બનાવો અને નદીના વ્હેણથી માર્ગનું ધોવાણ થઈ ગયુ છે.

ગ્રામજનોને અવર-જવર માટે ભારે મુશ્કેલીઓ પડી રહી છે અને આ વિસ્તારના લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ગમે ત્યારે ભારે વરસાદને લીધે પૂર જેવી સ્થિતિ જણાય તો ૫૦૦ થી વધારે જનસંખ્યા ધરાવતા ઓડવાસ વિસ્તારને મોટી હાની પહોંચવાની પ્રબળ શક્યતાઓ છે. જેને લઈ સ્થાનિકજનો અને અગણીઓએ આ વિસ્તારમાંથી પસાર થતી ઉકાંચલી નદીના વ્હેણ સામે રક્ષણ અર્થે દિવાલ બનાવવા ઉગ્ર માંગણી કરી ધારાસભ્ય વસંતભાઈ ભટોળ સમક્ષ રજૂઆત કરી છે.

## મહેસાણા જિલ્લામાં બાળ ફિલ્મ ઉત્સવ ૨૦૧૨ ઉજવાશે

મહેસાણા, તા. ૨૪

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે બાળકોને ફિલ્મો દ્વારા શિક્ષણ અને સંસ્કૃતિથી માહિતગાર થાય તે માટે રાજ્યના ચાર જિલ્લાઓમાં બાળ ફિલ્મ ઉત્સવ ઉજવવામાં આવશે. જેમાં મહેસાણા જિલ્લાનો સમાવેશ થતાં ૧૭ ઓગસ્ટ ૨૦૧૨ થી ૨૩ ઓગસ્ટ ૨૦૧૨ (તા. ૧૯ અને ૨૦ ઓગસ્ટ સિવાય) દરમિયાન બાળ ફિલ્મ ઉત્સવની ઉજવણીનું આયોજન કરેલ છે.



પવિત્ર શ્રાવણ માસ શરૂ થતા જ શિવ ભક્તોની ભીડ શિવાલયો પર નજરે પડે છે. શિવભક્તો મહાદેવને રીઝવવા માટે દૂધ, પાણીનો અભિષેક કરે છે અને બિલિપત્ર, ફૂલ ચડાવે છે. શ્રાવણ માસ દરમિયાન લક્ષ્મીપુરા ખાતે આવેલા મહાદેવના મંદિરમાં પણ શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. હર હર મહાદેવના નારાથી મંદિર ગાજી ઉઠ્યું હતું. (વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીનાં પરિણામોથી સત્તા પરિવર્તન



પાલનપુર, તા. ૨૪

પાલનપુર માર્કેટ યાર્ડ ધી પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં વ્યાપક મતદાન બાદ આજે મતગણતરી હાથ ધરાઈ હતી. ત્યારે વર્તમાન ચેરમેને પેનલ બનાવેલ નહી પરંતુ સત્તાધારી પક્ષમાંથી પેનલ બનેલ તેની સામે પરિવર્તન પેનલનો આજે ભવ્ય વિજય થયો હતો.

જેમાં કુલ ૧૪ બેઠકોમાંથી વર્તમાન શાસકની પેનલમાંથી ફતાભાઈ પી. ધારિયાની પેનલના માત્ર ત્રણ ઉમેદવારો વિજયી બનેલ. જ્યારે પરિવર્તન પેનલના કોંગી અગ્રણી અને વેપારી વિરજીભાઈ જુડાલ(ચૌધરી) વાળાની પેનલના અગીયાર ઉમેદવારો વિજયી બન્યા હતા. આમ લાંબા સમય બાદ માર્કેટયાર્ડની સત્તાથી ભાજપને હાથ ધોવાનો વારો આવ્યો હતો.

આ ચૂંટણીમાં મુ. અધિ. તરીકે જિલ્લા રજીસ્ટાર શ્રી એસ. બી. ચૌહાણની સીધી દેખરેખ હેઠળ સમગ્ર પ્રક્રિયા સંપન્ન કરાઈ હતી. સવારથી જ મતગણતરી શરૂ થતા બપોર સુધીમાં પરિણામો જાહેર કરાયા હતા. આ ચૂંટણી કુલ ત્રણ વિભાગમાં યોજાઈ હતી. ખેડૂત વિભાગ, વેપારી વિભાગ અને સરકારી ખરીદ વેચાણ મંડળી વિભાગ મુજબ યોજાઈ હતી.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

**રક્તદાન મહાદાન**

# ખેડબ્રહ્મા ખાતે ચાર કરોડના ખર્ચે નવનિર્મિત સંકુલનું લોકાર્પણ કરાયું

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે અંદાજીત રૂ. ચાર કરોડના ખર્ચે તૈયાર થયેલ નવિન કુમાર છાત્રાલયનું લોકાર્પણ કરતા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે આવનારી પેઢીને શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજય સરકાર આદિજાતિ સમાજના આર્થિક ઉન્મૂલની દિશામાં કામ કરી રહી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ રાજય સરકાર સતત આદિજાતિ ની ચિંતા કરી રહી છે. સમાજના આ પછાત વર્ગને પણ સમાન શિક્ષણ અને અધિકાર મળી રહે તેવા -યાસ કરવામાં આવી રહયા છે. સામાન્ય રીતે આદિજાતિવર્ગના બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે છેક છેવાળાના વિસ્તારોમાં પણ અતિ આધુનિક શાળાઅને છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવી રહયું છે. મંત્રીશ્રીએ રાજયસરકારની વિવિધ યોજનાની વાત કરતા જણાવ્યું હતું કે અગાઉના વર્ષોમાં આદિજાતિ વર્ગના કલ્યાણ અર્થે મર્યાદિત બજેટ ફાળવવામાં આવતું હતું પરંતુ ચાલુ સાલે રાજય સરકારે રૂ ૧૭ હજાર કરોડની માતબર રકમ માત્ર આદિજાતિ વિસ્તારના લોકોના કલ્યાણ અર્થે ખર્ચવાનું નકકી કર્યુ છે.





આ -સંગે સસંદીય સચિવ શ્રી હર્ષદભાઈ વસાવાએ -જાજનોને સંબોધતા જણાવ્યું હતું કે સમાજથી અતિ પછાત એવા આદિજાતિ વિસ્તારના વંચિતોની વેદના સમજવાની દિશામાં અસરકાર કામગીરી કરી રહી છે. રાજયમાં ૧૫ ટકાથી ઉપરાંતની વસતી આદિજાતિ સમુદાયની છે. પરતું આજ દિન સુધી કોઈ એ તેની પરવા કરી ન હતી , પણ આજે -જાવત્સલ મુખ્યમંત્રશ્રી નરેન્દ્રભાઈ મોદીના સાશનમાં તેમની ચિંતા કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે ભીલ, કાથોડી સમાજના લોકો અન્ય વર્ગોથી દૂર રહેતા તે સમુદાયોને સમાજમાં -તિષ્ઠાનું સ્થાનઅપાવ્યું છે.

સાસંદ શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણે -સંગોચિત ઉધ્બબોધન કરતા જણાવ્યું હતું કે આજે આદિવાસી સમાજના લોકોને રહેઠાણ માટે પાકા મકાન, રોજગારી માટે ધંધા વ્યવસાયની સવલત ઉભી કરવામાં આવી છે. શૈક્ષણિક ક્ષેત્રે આગવું -દાન કરનાર અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓએ આદિવાસી બાળકોને શિક્ષણની સાચી દિશા ચિંધી છે.

આ લોકાર્પણ -સંગે પૂર્વધારાસભ્યશ્રી રમીલાબેન બારા , ખેડબ્રહ્માતાલુકા પંચાયતના -મુખશ્રીભોજાભાઈ મકવાણા, વિજયનગર તાલુકા પંચાયતના -મુખ શ્રીમતી મંજુલાબેન કટારા, ભિલોડા તાલુકા પંચાયતના -મુખ શ્રી અમૃતભાઈ બરંડા, જિલ્લા પંચાયતના પૂર્વ -મુખ શ્રી વસ્તાભાઈ મકવાણા, ખેડબ્રહ્મા માર્કેટ યાર્ડના -મુખ શ્રી જશુભાઈ પટેલ, -યોજના વહિવટદારશ્રી બી.એન. ચૌધરી, તકેદારી અધિકારી શ્રી અનિલભાઈ બામણીયા, -ાંતઅધિકારીશ્રી ઠકકર, જિલ્લા/તાલુકા/ નગરપાલિકાના સદસ્યશ્રીઓ, સહિત અધિકારી/ પદાધિકારીગણ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.



મોડાસા ખાતે આવેલ માર્ગ અને મકાન વિભાગની કચેરી દ્વારા મેઘરજમાં થતા ગરનાળાના કામમાં બાળ મજૂરો કામ કરી રહ્યા હોવાનું પ્રસ્તુત તસ્વીરથી ફલિત થાય છે. વળી સદર કામમાં વર્ક આસીસ્ટન્ટ (સરકારી કર્મચારી) પણ દશ્યમાન થઈ રહ્યા છે. જેથી આ ગંભીર બાબતને કેન્દ્ર બિંદુએ રાખતા ઉચ્ચસ્તરેથી નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે પછી ભીનુ સંકેલી લેવાશે તે તો આવનારો સમય જ બતાવશે. (અહેમદ ઉલ્લા, મોડાસા)

# ખેડબ્રહ્મામાં મોબાઈલના બે વેપારી એસ.ઓ.જી.ના સકંજામાં

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા શહેરમાં મોબાઈલની દુકાન ધરાવતા બે વેપારી દ્વારા સીમકાર્ડ વેચવામાં ગેરરીતી આચરતા બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે પકડી પાડી તેમની વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મા બસ સ્ટેશન નજીક દુકાન ધરાવતા દિપક ગોપીલાલ દરજી અને સ્ટેશન રોડ પર રાધે મોબાઈલના નામે દુકાન ધરાવતા ગનુ બંસીલાલ વૈષ્ણવ બંને દુકાનધારકો છેલ્લા ઘણા સમયથી મોબાઈલ તેમજ સીમકાર્ડનું વેચાણ પૂરજોશમાં કરતા હતા આ બંને વેપારી સીમકાર્ડ લેવા આવતા ગ્રાહકોનું રજીસ્ટર નિભાવતા ન હતા તેથી એસ.ઓ.જી. ટીમે જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ બંને વેપારીઓની અટકાયત કરી જેલ હવાલે મોકલી આપ્યા છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં સીવીલ રોડ પર ઘણી બધી મોબાઈલની દુકાનો આવેલી છે ચાઈનાની ઘણી બધી આઈટમો ભોળા આદિવાસી ગ્રાહકોને વધુ રૂપિયા લઈ વેચાણ કરે છે તેમના પર એસ.ઓ.જી. ટીમ લાલ આંખ કરે .

# હિંમતનગર ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમ આરંભાયો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ સંસ્થા દ્વારા હિંમતનગર સરકીટ હાઉસ ખાતે ફલડ બચાવ કામગીરીની ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમનું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૩-૭-૧૨ના રોજ આરંભાયું હતું. જે તાલીમ ૨૭-૭-૧૨ સુધી જિલ્લાની વિવિધ સરકારી ઓફિસના સ્ટાફને આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ. જે. ઠક્કરના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના વિવિધ જુથો જેવા કે મધ્યાહ્‌ન ભોજન યોજના, સંચાલકો, વાજબી ભાવના દુકાનદારો, નગર પાલિકાના ફાયરબ્રિગેડ સ્ટાફ, સીઆસી કો ઓડીનેટરો, જેવા જુથો માટે શોધ, બચાવ કામગીરી શાળા સલામત જેવા વિષયો પર તાલીમ આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રથમ દિવસે તાલીમના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા અધિક કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે તમો જે તાલીમ લઈ રહ્યા છો તે તાલીમ તમારા નીચેના સ્ટાફને તાલીમ આપવાની જવાબદારી તમારા શિરે છે. ભૂકંપ, પૂર, આગ, અકસ્માત, વાવાઝોડુ જેવી કુદરતી કે માનવ સર્જીત આપત્તિઓમાં ગોલ્ડન ટાઈમ કવર થાય તો આવેલી વિનાશકતા ઓછી કરી શકાય. મામલતદાર ડિઝાસ્ટર કુ. દમયંતીબેન બારોટે હાઈવે અકસ્માતોના કારણો અને લેવાનારી તુરત પગલા અંગે જણાવ્યું હતું.

આ તાલીમ ડિવિઝન કમાન્ડીગ ઓફિસરશ્રી ત્રિલોકકુમાર ઠાકર દ્વારા વિવિધ નિદર્શનો, પ્રેક્ટિકલ કાર્ય સહિત રસસભર માહિતી આપવામાં આવી રહી છે. બચાવ કામગીરીની તાલીમમાં ૨૦ પ્રકારની ગાંઠો, ઊંચી ઈમારતોમાંથી નીચે ઉતરવાની કામગીરી જેવા ૧૦ જેટલા નિદર્શનો દર્શાવવામાં આવ્યા હતા. કલેક્ટર કચેરી ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા યોજાયેલ આ તાલીમ છેક નીચલા સ્તર સુધી વિસ્તારવામાં આવશે એમ કલેક્ટર કચેરી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડીપીઓ કનુભાઈ પટેલે જણાવ્યું હતું.


**ગાંધીનગર સમાચાર**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


**સરદાર સરોવર નર્મદા નિગમ લી.**

બ્લોક-૧૨/૬,પીઆર શાખા; નવા સચિવાલય, ગાંધીનગર .ફો.નં ૨૩૨૫૨૭૩૫

**નિવિદા**

અત્રેની કચેરીથી નીચે મુજબના છાપકામ કરવાની કામગીરી માટે રસ ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો માટે નિગમની જનસંપર્ક શાખાનો સંપર્ક સાધવા વિનંતી. ફો.નં-૨૩૨૫૪૫૯૪

| ૧ | કામની વિગત | ફોલ્ડરની સંખ્યા | (૧) ભાવ પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ | નોંધ |
|---|---|---|---|---|
| | પ્રવાસીઓ માટે ફોલ્ડર પ્રીન્ટીંગકામ કરવા બાબત | ૧,૫૦,૦૦૦ આશરે | (૧) ૦૩-૦૮-૨૦૧૨ | કચેરી સમય પુરો થાય ત્યા સુધી |

માહિતી/૯૨૧/૧૨-૧૩ ખાસફરજપરનાઅધિકારી(પીઆર)
વેબ સાઈટ- www.sardarsarovardam.org સસનનિલી ગાંધીનગર

**ટુંકી મુદતની જાહેર નિવિદા નંબર-૪ / ૨૦૧૨**
**નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ**
**જિલ્લા પંચાયત, ગાંધીનગર**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ૩૮૨૦૧૭ ફોન નં. ૨૩૨૫૬૯૬૫ દ્વારા ગુજરાત રાજ્યની જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ તથા માન્ય ઈજારદારશ્રી દ્વારા આપેલ સમય મર્યાદામાં ટેન્ડર આપવાની તેમજ પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

| અ. નં. | કામનો નંબર | કામની વિગત જે તે તાલુકાની મજુર કામદાર મંડળીઓ માટે: ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ | માન્ય ઈજારદારશ્રીઓ માટે: ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧ | ૨૫/૭/૧૨ | તા. ૩૧/૭/૧૨ | ૯/૮/૧૨ | ૧૬/૮/૧૨ |

સહી/-
નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર

માહિતી/૯૧૨/૧૨-૧૩

**સરદાર સરોવર નર્મદા નિગમ લી.**

બ્લોક-૧૨/૬,પીઆર શાખા; નવા સચિવાલય, ગાંધીનગર .ફો.નં ૨૩૨૫૨૭૩૫

**નિવિદા**

અત્રેની કચેરીથી નીચે મુજબના ડિઝાઈન અને પ્રિન્ટીંગ કરવાની કામગીરી માટે રસ ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો માટે નિગમની જનસંપર્ક શાખાનો સંપર્ક સાધવા વિનંતી.

ફો.નં-૨૩૨૫૪૫૯૪

| ૧ | કામની વિગત | અંકની સંખ્યા | (૧) ભાવ પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ | નોંધ |
|---|---|---|---|---|
| | ધરા ગુર્જરી અંક છાપવા (કુલ ૧૨) | ૧૨ (દર મહિને) | (૧) ૦૧-૦૮-૨૦૧૨ | કચેરી સમય પુરો થાય ત્યા સુધી |

પ્રિન્ટીંગ અને ડિઝાઈન માટે અલગ અલગ ભાવ પત્રક ભરવા વિનંતી

માહિતી/૯૨૨/૧૨-૧૩ ખાસફરજપરનાઅધિકારી(પીઆર)
વેબ સાઈટ- www.sardarsarovardam.org સસનનિલી ગાંધીનગર


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૭૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન